અપીલ અરજી નં.૧૧૧ તા.૧૮–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ–કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટની તા.૧૬–૬–૦૯ ની અરજીથી ઉધના દરવાજા મેરેડીયન ટાવરની સામે મોટું બિલ્ડીંગ બની રહયું છે તેની પરવાનગી સુરત મહાનગરપાલિકાએ બાંધકામની પરમીશન આપી છે કે નહીં તેની તમામ વિગતો તથા તેના ક્ષેત્રફળની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૮–૭–'૦૯ ની અપીલ અરજી નં.૧૧૧/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટની તા.૧૬–૬–૦૯ ની અરજીથી ઉધના દરવાજા મેરેડીયન ટાવરની સામે મોટું બિલ્ડીંગ બની રહયું છે તેની પરવાનગી સુરત મહાનગરપાલિકાએ બાંધકામની પરમીશન આપી છે કે નહીં તેની તમામ વિગતો તથા તેના ક્ષેત્રફળની માહિતી આપવા બાબતે કોઈ નિર્ણય નહીં મળ્યો તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૯ તા.૨૪–૭–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોનને ) પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૭૧૪ તા.૩૧–૭–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક./આંન.૧૯૪૧ તા.૧–૭–૦૯ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૬–૬–૦૯ ની અરજીથી ઉધના દરવાજા મેરેડીયન ટાવરની સામે મોટું બિલ્ડીંગ બની રહયું છે તેની પરવાનગી સુરત મહાનગરપાલિકાએ બાંધકામની પરમીશન આપી છે કે નહીં તેની તમામ વિગતો તથા તેના ક્ષેત્રફળ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમય અવધિમાં માહિતી અને કોઈ પણ નિર્ણય મળેલ ન હોવાથી અપીલ અરજી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથીપત્ર નં.સા.ઝોન/ટેક./આંન.૧૯૪૧ તા.૧–૭–૦૯ થી અરજદારને "અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતમાં વિકાસ પરવાનગી મધ્યસ્થ શહેર વિકાસ ધ્વારા ટીડીઓ નં.૪૦ તા.૨૩–૨–૦૭ થી ટીપી સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા)ફા.પ્લોટ નં.૨૮૬ માં કોર્મશીયલ હાઈરાઈઝ મંજુર કરવામાં આવેલ છે જેનો પ્લોટ એરિયા ૧૫૩૧૧ ચો.મી. છે." તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ જણાય છે.

***<u>હુકમ</u>***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ બાબતે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદારને માહિતી નહીં મળી હોય તો પુનઃ નકલ મોકલી અત્રે જાણ કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવેલ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,